
ઓક્ટોબર ૨૦૦૮

બાળવિજ્ઞાનનું

છૂટક પ્રતના રૂ. ૧૨

# અક્રમ એક્સપ્રેસ







# અક્રમ એક્સપ્રેસ

## પરોપકાર

તંત્રી તથા સંપાદક :
ડીમ્પલભાઈ મહેતા
વર્ષ : ૧, અંક : ૨
સળંગ અંક : ૨
**ઓક્ટોબર ૨૦૦૮**

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર :
૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: 785-271-0869
U.K.: 07956476253
Website:
kids.dadabhagwan.org

**Publisher, Owner & Printed by :**
**Dimplebhai Mehta** on behalf of **Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printer/Press :**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)

વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૦ ડોલર
યુ.કે. : ૭ પાઉન્ડ

પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૪૦ ડોલર
યુ.કે. : ૨૫ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


### સંપાદકીય

બાળમિત્રો, પરોપકાર એટલે શું એ તો તમે જાણતા જ હશો. પોતાની વસ્તુ પારકાના સુખ માટે વાપરવી એનું નામ પરોપકાર, ધર્મની શરૂઆત જ પરોપકારથી (ઓબ્લાઈઝીંગ નેચર) થાય છે. વસ્તુથી લઈને આ મન-વચન-કાયા બધું પારકાંના સુખને માટે વાપરો, તો પોતાને સંસારમાં કોઈ દહાડો દુ:ખ પડે નહીં.

પૂજ્ય દાદાશ્રીએ પોતાની જીંદગીમાં એ જ ધ્યેય રાખ્યો હતો કે મને ભેગો થયો તેને સુખ થવું જ જોઈએ. તેઓ કહેતા કે મને આખી જિંદગી બીજાની તકલીફો શી રીતે દૂર થાય એના જ વિચાર આવતા. તેથી આ જ્ઞાન પ્રગટ થયું.

તો ચાલો, આપણે પણ પરોપકારની મહત્તા સમજીએ અને આપણા જીવનમાં અપનાવીએ.

ડીમ્પલ મહેતા.



## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. દાદા કહે છે... | ૧ |
| ૨. શીખીએ વૃક્ષ પાસેથી | ૨ |
| ૩. આ તો નવી જ વાત! | ૪ |
| ૪. ચાલો રમીએ... | ૬ |
| ૫. જોડકાં જોડો | ૮ |
| ૬. ખરા પરોપકારી | ૯ |
| ૭. સીમંધર સીટીની ઝલક... | ૧૦ |
| ૮. મીઠી યાદેં | ૧૧ |
| ૯. મારી વાતો | ૧૨ |
| ૧૦.પઝલના જવાબો | ૧૩ |





# દાદા કહે છે...

દાદાશ્રી : મનુષ્ય જીવન પરોપકાર માટે છે. પરોપકાર એટલે મનનેય પારકાં માટે વાપરવાનું, વાણીયે પારકાં માટે વાપરવાની અને વર્તનેય પારકાં માટે વાપરવાનું ! મન-વચન-કાયા પરોપકારે વાપરો તો તમારે ત્યાં હરેક ચીજ હશે. તમને કોઈ અડચણ નહીં આવે, ધર્મની શરૂઆત જ 'ઓબ્લાઈઝિંગ નેચર'થી થાય છે. તમે તમારા ઘરનું પારકાંને આપો ત્યાં જ આનંદ છે. ત્યારે લોકો લઈ લેવાનું શીખે છે ! તમારા માટે કંઈ જ કરશો નહીં. લોકો માટે જ કરજો તો તમારા માટે કંઈ જ કરવું નહીં પડે.

આ ઝાડ હોય છે ને બધાં, આંબા છે, લીમડા છે એ બધું, ઝાડ ઉપર ફળ આવે છે તે આંબો કેટલી કેરીઓ એની ખાતો હશે ?

પ્રશ્નકર્તા : એકેય નહીં.

દાદાશ્રી : કોના માટે છે એ ?

પ્રશ્નકર્તા : પારકાં માટે.




દાદાશ્રી : હા, તે એ જુએ છે કે આ લુચ્ચો છે કે સારો છે એવું જુએ છે? જે લઈ જાય તેની, મારી નહીં. પરોપકારી જીવન એ જીવે છે. આવું જીવન જીવવાથી એ જીવોની ધીમે ધીમે ઊર્ધ્વગતિ થાય.

ઓબ્લાઈઝિંગ નેચર હોય તો કેવો સરસ સ્વભાવ હોય ! કંઈ પૈસા આપી દેવા એ ઓબ્લાઈઝિંગ નેચર નથી. પૈસા તો આપણી પાસે હોય કે ના ય હોય. પણ આપણી ઈચ્છા, એવી ભાવના હોય કે આને કેમ કરીને હેલ્પ કરું! આપણે ઘેર કો'ક આવ્યો હોય, તેને કંઈ કેમ કરીને હેલ્પ કરું, એવી ભાવના હોવી જોઈએ.

આ દુનિયાનો કાયદો એક જ વાક્યમાં સમજી જાવ, આ જગતના તમામ ધર્મોનો કે જે માણસને સુખ જોઈતાં હોય, તો બીજા જીવોને સુખ આપો અને દુ:ખ જોઈતું હોય તો દુ:ખ આપો. જે અનુકૂળ આવે તે આપો.

તમે તમારાં ફળ પારકાંને આપી દો. તમને તમારાં ફળ મળ્યા કરશે.

# શીખીએ વૃક્ષ પાસેથી



વેકેશન પડે એટલે બધાને મામાનું ઘર પહેલું યાદ આવે. પ્રતિક પણ વેકેશન ગાળવા ગામડે એના મામાના ઘરે ગયો. આખો દિવસ છોકરાઓ ગામની ભાગોળે રમે. પ્રતિક પણ એમાં જોડાઈ ગયો. ભાગોળ જેવી ખુલ્લી જગ્યા એણે શહેરમાં તો જોઈ જ ના હોયને ? તેથી એ પણ આખો દિવસ ત્યાં જ રહે. વડની છાયા નીચે નવી નવી રમતો રમે, છાયામાં જ ખાટલા ઢાળી બપોરે સૂઈ જાય, ઝાડ પરથી ફળ તોડી ખાય, ફૂલો તોડી મહાદેવજીની દેરીએ ચડાવે. વડવાઈએ હીંચકા ખાય. આમ આનંદમાં ને આનંદમાં વેકેશન પસાર થવા લાગ્યું.

એક દિવસની વાત છે. પ્રતિક રોજ મુજબ ભાગોળે પહોંચ્યો. થોડા લોકો મળીને એક ઘટાદાર વૃક્ષને કાપી રહ્યા હતા. એણે જઈને એ લોકોને પૂછ્યું,'ભાઈ તમે ઝાડને કેમ કાપી રહ્યા છો?' એમાંના એક ભાઈએ જવાબ આપ્યો, 'ઘણા ઉપયોગ છે એના. એના પાનનો રસ દવા તરીકે વપરાશે, એનાં લાકડાં બળતણ તરીકે વપરાશે. એને વેંચીને અમારું ગુજરાન ચાલશે.' આ સાંભળી પ્રતિક વિચારવા લાગ્યો. ત્યાં તો ઝાડમાંથી અવાજ આવ્યો, 'પ્રતિક શું વિચારે છે? અમારું તો જીવન જ પારકાં માટે હોય છે, અમે જીવતાં હોઈએ ત્યારે લોકોને ઠંડક અને છાંયડો આપીએ, ફળ અને ફૂલ આપીએ, અને દવા માટે અમારા પાંદડા આપીએ અને કપાયા પછી પણ અમારું બધું જ લોકોના ઉપયોગ




માટે આપી છૂટીએ.' પ્રતિકે અધિરાઈ સાથે પૂછ્યું, 'એનાથી તમને શું ફાયદો થાય ?' વૃક્ષે જવાબ આપ્યો, 'જ્યારે આપણે પારકાં માટે જીવીએ ત્યારે આપણને ખૂબ સુખ અને શાંતિ ઉત્પન્ન થાય. અને પરિણામે આપણને ઊંચી ગતિ પ્રાપ્ત થાય.' પ્રતિકે વૃક્ષની વાતથી સહમત હોય એમ કહ્યું,'હા, તમારી વાત સાચી છે, હું જ્યારે બીજાને મદદ કરું છું ત્યારે મને ખૂબ આનંદ થાય છે.' વૃક્ષે કહ્યું, 'હા, અને જ્યારે આપણે બીજાના માટે જીવીએ ત્યારે આપણું બધું કુદરત સંભાળી જ લે છે. પ્રતિકે કહ્યું, 'હા, હા. હું જ્યારે બીજાની મદદ કરતો હતો ત્યારે બધા મારું વધુ ધ્યાન રાખતા હતા.' વૃક્ષે કહ્યું, 'બસ, તો આ જ રીતે પારકાં માટે જીવ્યા કરજે. તારું કામ આપોઆપ થયા કરશે.' આટલું કહ્યું ત્યાં તો વૃક્ષ આખું કપાઈને નીચે પડી ગયું.

પ્રતિક નીચે પડેલા વૃક્ષને જોઈ જ રહ્યો. આજે એને વૃક્ષ પાસેથી ઘણી પ્રેરણા મળી. આખું જીવન પારકાં માટે જ જીવતા વૃક્ષો પ્રતિક માટે એક ઉદાહરણરૂપ બની ગયા. પોતાની જાતને બીજા માટે વાપરી નાખવાની એને પણ હિંમત આવી.

એણે મનોમન નક્કી કર્યું કે આજથી એ વૃક્ષની જેમ પોતાનું જીવન પારકાં માટે વાપરશે.

**બાળમિત્રો, પ્રતિકે તો નક્કી કર્યું. અને તમે ?**


# આ તો નવી જ વાત !



જો પોતાની જાતને પોતા માટે જ વાપરે તો મરણ વખતે દુઃખી થવાય. જીવ નીકળે નહીં ને બંગલા-મોટર છોડીને જવાય નહીં !


પૈસાથી જ કંઈ 'ઓબ્લાઈઝ' કરાય છે એવું નથી, કોઈનો ધક્કો ખઈએ, ફેરો ખાઈએ, પૈસા આપીએ, કોઈ દુઃખીયો હોય એને બે કપડાં સીવડાવી આપીએ એ બધું ઓબ્લાઈઝિંગ કર્યું કહેવાય.






સેવા તો એનું નામ કે તું કામ
કરતો હોય તે કોઈને ખબરેય ના પડે.
એને સેવા કહેવાય. મૂંગી સેવા હોય.
ખબર પડે, એને સેવા ના કહેવાય.
ખાસ બાળકો માટે
પ્લીઝ, અમારો ફોટો પાડો.
ચેરીટી શો


ડોનેશન
તમારી બધી ઈચ્છાઓ પૂરી થજો.
આ લાઈફ જો પરોપકાર માટે જશે
તો તમને કશી ય ખોટ નહીં આવે, કોઈ
જાતની તમને અડચણ નહીં આવે.
તમારી જે જે ઈચ્છાઓ છે તે બધી
જ પૂરી થશે.






# ચાલો રમીએ...

(૧) ધ્યાનથી જુઓ અને નીચે આપેલા ચિત્રમાંથી પાંચ ચહેરાઓ શોધી કાઢો.



(૨) નીચે આપેલા ચિત્રમાં ૨૪ દિવાસળીઓ ભેગી કરીને ૯ સરખા ચોરસ બનાવેલા છે, તેમાંથી ૬ દિવાસળીઓ એવી રીતે કાઢો કે જેથી કરીને ૩ ચોરસ બને.






(૩) નીચે આપેલા સરખાં લાગતાં ચિત્રોમાંથી દસ તફાવત શોધો.








(૪) આ બાળકોને તેનું ઘર શોધવામાં મદદ કરો.




(૫) દરેક આડી અને ઊભી લાઇનમાં ૧ થી ૪ નંબર હોવા જોઈએ.


| | | | |
|---|---|---|---|
| | ૨ | | |
| ૧ | | | |
| | | | ૪ |
| | ૩ | | |

(૬) બાજુના ચિત્રમાં ૭ સફરજન આપેલા છે, આમાં ૩ લીટીથી ૭ ખાના એવી રીતે પાડો કે જેથી દરેક ખાનામાં માત્ર એક જ સફરજન રહે.





(૭) બાજુમાં આપેલા બિલાડીના ચિત્રમાં કુલ કેટલા ત્રિકોણ છે, તે શોધી કાઢો.






# જોડકાં જોડો.

(૧) બહારથી ઓછું થાય એનો વાંધો નથી પણ અંદરથી તો રહેવું જ જોઈએ કે મારે કોઈનું દુ:ખ ઓછું કરવું છે.

(અ)



(બ) પરોપકાર કરનારા ક્યારેય સામો કેવો છે એ જોતા નથી.

(૨)




(૩) એકબીજાને મદદ કરવી એ જ મનુષ્યજીવનનો ધર્મ છે.

(ક)




(ડ) જ્યારે તમારા ફળ તમે પોતે ખાઈ જશો ત્યારે તમને તકલીફ આવી પડશે.

(૪)




ખરા પરોપકારી
જા, બેટા, લલિતા આન્ટીને મદદ કર...
?
મમ્મી, હું બીજા બધાને મદદ કરીશ પણ આન્ટીને મદદ નહીં કરું, એ હંમેશાં મને વઢે છે.
પીંકી, ઝાડ ફક્ત સારા લોકોને જ છાંયડો આપે કે લુચ્ચા માણસોને પણ છાંયડો આપે?
બધાને સરખો છાંયડો આપે.
...પછી અગરબત્તી એની સુગંધ ફક્ત પૂજારીને જ આપે કે કોઈ ચોર સૂંઘે તો એને પણ આપે?
એ પણ બધાને જ આપે....
નદી એનું પાણી ફક્ત સાધુ કે પવિત્ર માણસોને જ પીવા દે કે બધાને પીવા દે?
બધાને જ પીવા દે..
આ બધા પાસેથી એ શીખવાનું છે કે બીજાને મદદ કરનારા, સામો માણસ કેવો છે એ જોતા જ નથી ત્યારે જ ખરું પરોપકારી જીવન કહેવાય...
હું સમજી ગઈ મમ્મી, હમણા જ હું લલિતા આન્ટીને મદદ કરવા જઉં છું અને ફરી આવું ક્યારેય નહીં કરું, બાય...



જાસૂસ
ગપશપ

# સીમંધર સીટીની ઝલક..




સીમંધર સીટીમાં ઊજવાઈ રહેલો રક્ષાબંધનનો તહેવાર.



જન્માષ્ટમીના દિવસે ગુરુકુળના બાળકોએ મટકી ફોડી તહેવારની ઉજવણી કરી હતી જ્યારે રાત્રે ૧૨ વાગે પૂજ્ય દીપકભાઈએ મટકી ફોડી કૃષ્ણ જન્મ ઊજવ્યો હતો.





સીમંધર સીટીને લીલુંછમ રાખવા સીટીના બાળકોએ સીટીમાં ટ્રી પ્લાન્ટેશન કર્યું હતું.








# મીઠી યાદેં

રિપોટર ચપચપ ફરી તમારી સામે હાજર છે, એક નવા યાદગાર પ્રસંગ સાથે. આ પ્રસંગ એટલે યાદગાર છે કારણ કે એ દિવાળીને લગતો છે. તેથી દિવાળી નજીક આવવાથી મને એ પ્રસંગ યાદ આવી ગયો.



આ પ્રસંગ છે દાદાનો એક નાનકડા છોકરા સાથેનો. દિવાળી નજીક આવતાં એ છોકરાએ એના મમ્મી પપ્પા પાસે ફટાકડા લઈ આપવાની જીદ પકડી. કોઈ કારણસર એના મમ્મી પપ્પા એને ફટાકડા લઈ આપતા ન હતા. એ છોકરો જ્યારે દાદા પાસે આવ્યો ત્યારે એણે રડતાં રડતાં દાદાને ફરિયાદ કરી કે મારે ફટાકડા ફોડવા છે. મમ્મી પપ્પા મને લઈ નથી આપતા.

દાદાએ એને સમજાવતાં કહ્યું, ''મને કહે તો, રાજા જાતે ફટાકડા ફોડે કે એમના સેવકો પાસે ફોડાવડાવે ?''

છોકરાએ જવાબ આપ્યો, ''એમના સેવકો પાસે ફોડાવડાવે.''

દાદાએ પૂછ્યું, ''તો એ પોતે શું કરે ?''

છોકરાએ જવાબ આપ્યો, ''તેઓ આરામથી બેસીને જુએ.''

દાદાએ કહ્યું, ''તો પછી ફટાકડા ફોડવામાં વધારે આનંદ આવે કે બીજા ફોડતા હોય અને પોતે આરામથી જુએ એમાં વધારે આનંદ આવે ?''

છોકરાએ હસતાં હસતાં જવાબ આપ્યો, ''બીજા ફોડે એને જોવામાં વધારે આનંદ આવે.''

દાદાએ કહ્યું, ''તો ચાલ, મારી બાજુમાં બેસી જા આપણે બન્ને બીજા બધા ફટાકડા ફોડે એને જોઈએ.''

તરત જ એ છોકરો એની ફરિયાદ ભૂલી ગયો અને ખુશી ખુશી દાદાની બાજુમાં બેસી ગયો.

**જોયું, દાદા પાસે કેવી ગજબની બોધકળા હતી જેનાથી તેઓ કોઈ પણ સમસ્યાનો સરળતાથી ઉકેલ લાવી શકતા અને દુઃખમાંથી સુખનું શોધન કરી શકતા.**



# મારી વાત

## અનુભવ

હું કિડ્સ કેમ્પમાં ગયો હતો ત્યારે ત્યાં અમને દાદાનો ભૂતવાળો પ્રસંગ કહ્યો હતો. એમાંથી એ શીખવાડ્યું હતું કે હકીકત જાણ્યા વગર લોકો જે ભૂતની વાતો કરે છે એનાથી ગભરાવાની જરૂર નથી.

એક રાત્રે અમે રમી રહ્યાં હતાં. અચાનક કમ્પાઉન્ડની દિવાલના ખૂણા પરના ઝાડમાંથી ભયંકર અવાજ આવવા લાગ્યો. મારા બધા ફ્રેન્ડસ ડરી ગયા અને 'ભૂત ભૂત' કહી ભાગી ગયા. મને તરત જ કેમ્પમાં કહેલો દાદાનો પ્રસંગ યાદ આવ્યો. મને હિંમત આવી. હકીકત શું છે એ જાણવા હું તૈયાર થયો અને ઝાડ તરફ ચાલવા લાગ્યો. જેમ જેમ ઝાડની નજીક જતો ગયો એમ એમ વધુ ભયંકર અવાજ આવવા લાગ્યો. હું ગભરાઈ ગયો કારણ કે ત્યાં હું સાવ એકલો ઊભો હતો. તેથી હું પાછો ફરી ગયો પણ મને નક્કી હતું કે ભૂત જેવું કંઈ છે નહીં. કોઈ અમને ડરાવવા માંગે છે. બીજા દિવસે અમને ખબર પડી કે બાજુની સોસાયટીનો વોચમેન બાળકોને ડરાવવા આવું કરતો હતો.

ધ્રુવ દવે, મુંબઈ,ઉંમર વર્ષ - ૯

## બહુ ગમ્યું

એક દિવસ અમે બધા ફ્રેન્ડ્સ રમી રહ્યા હતા. મારી એક ફ્રેન્ડ્નો દાવ આવ્યો. એણે દાવ આપવાની ના પાડી. તેથી અમે બધા એના પર ખૂબ ગુસ્સે થયા. અને બધાએ એને ૧૦ - ૧૦ લાફા માર્યા. અને એની સામે ખરાબ શબ્દો બોલ્યા. આમ મારાથી એને દુઃખ અપાયું.

બીજા દિવસે મને ખ્યાલ આવ્યો કે આ મારી ભૂલ થઈ છે. મને ચેન નહોતું પડતું. સાંજે હું એની પાસે ગઈ. એને 'સોરી' કહી એની માફી માંગી. અને અમે બંને ફરી ફ્રેન્ડ્સ બની ગયા.

જેવું મને મારી ભૂલનો ખ્યાલ આવ્યો અને મેં એને 'સોરી' કહ્યું કે તરત જ એને પણ એની ભૂલનો ખ્યાલ આવ્યો અને એણે પણ મને 'સોરી' કહ્યું અને કહ્યું કે આજ પછી એ ફરી આવું ક્યારેય નહીં કરે. આ મને બહુ ગમ્યું.

ધરા શાહ, મુંબઈ,ઉંમર વર્ષ - ૧૩


## ગયા અંકની કલમ
## 'મારી સમજણ' નો પ્રતિભાવ

તમો ધમકાવશો તેવા ભયથી નોકરે ગભરાઈને તરત 'સોરી' કહ્યું... તેવા સમયે હું તુરંત તેના ખભે હાથ મૂકી કહીશ કે ગભરાઈશ નહીં. ફૂટવાની હતી તે ફૂટી ગઈ. ક્યારેક મારા હાથે પણ ફૂટી જાય અને મારાથી તને વાગી જાય. અને આ તો તેનું આયુષ્ય પૂરું થયું તેથી ફૂટી ગઈ. જો ફૂટે જ નહિ તો ફેક્ટરી કેવી રીતે ચાલે? આવ, આપણે ઘા સાફ કરી લઈએ. તેના પર દવા લગાડી પાટો બાંધીએ. પછી નોકરને પૂછીશ કે તને વાગ્યું તો નથી ને?


અમન સોની,ઉંમર - ૧૭ વર્ષ

# પઝલના જવાબો

(૧)




(૨)




(૫)

| | | | |
|---|---|---|---|
| ૩ | ૨ | ૪ | ૧ |
| ૧ | ૪ | ૨ | ૩ |
| ૨ | ૧ | ૩ | ૪ |
| ૪ | ૩ | ૧ | ૨ |

(૭) ૨૦ ત્રિકોણ

જોડકા જોડો. અ - ૩, બ - ૪, ક - ૧, ડ - ૨

(૬)



## મારી સમજણ

બાજુનાં શહેરમાં ભૂકંપ આવવાથી ચીકીએ ત્યાંના લોકોને મદદ કરવા જવાનું નક્કી કર્યું છે. એણે ખાવાનું, કપડાં, દવાઓ, બ્લેન્કેટ વગેરે ત્યાં આપવા તૈયાર કર્યા. ત્યાં જઈને એણે જોયું કે આના સિવાય પણ એ બીજી ઘણી રીતે ત્યાંના લોકોને મદદ કરી શકે એમ છે. તો બીજી કઈ કઈ રીતે મદદ કરી શકાય એનું લિસ્ટ બનાવવામાં તમે ચીકીને મદદ કરો.

આપના જવાબો અમને આ મહિનાની ૨૫ તારીખ સુધીમાં મોકલી આપશો. તમારા અનુભવો, તમારી બનાવેલી કવિતાઓ, વાર્તાઓ, ચિત્રો અમને નીચેના સરનામે અથવા ઈ મેઈલ પર મોકલી શકો છો. એમાંથી જે સારા લાગશે એને અમે આ મેગેઝિનમાં ચોક્કસ પ્રકાશિત કરીશું. એમાં તમારું નામ, સરનામું અને ઉંમર લખવાનું ભૂલતા નહીં.

અક્રમ એક્સપ્રેસ,બાળવિજ્ઞાન વિભાગ,ત્રિમંદિર સંકુલ,
સીમંધર સીટી ,અમદાવાદ કલોલ હાઈવે, અડાલજ,
ગાંધીનગર - ૩૮૨૪૨૧
email:aex@dadabhagwan.org

## રાહ જોઉં છું...

સમગ્ર દાદા પરિવારને હની ના જય સચ્ચિદાનંદ. મને અક્રમ એક્સપ્રેસ વાંચવું ખૂબ જ ગમે છે. મમ્મી પપ્પા જેમ દાદાવાણી અને દીપકભાઈના સત્સંગની રાહ જૂએ છે એમ હું અક્રમ એક્સપ્રેસ અને બાળકોની શિબિર ક્યારે આવશે અની રાહ જોતી રહું છું. અત્યારે તો હું દાદાની ૧૦૧મી જન્મ જયંતિની રાહ જોઉં છું. અક્રમ એક્સપ્રેસમાં મને દાદા કહે છે, મીઠી યાદેં, મારી વાતો અને પઝલ ખૂબ જ ગમ્યા.

હની ઠક્કર,
કલિયા (વાસણા)
ઉંમર વર્ષ - ૧૦

અક્રમ એક્સપ્રેસ
ઓક્ટોબર ૨૦૦૮
વર્ષ : ૧, અંક : ૨
સળંગ અંક : ૨

Reg. no. GAMC - 1590
Posted at AHD.P.S.O. Sorting office Set - 1
on 8th of each month.

# ખુશખબર...ખુશખબર...ખુશખબર...

## આયો આયો રે, આયો આયો રે, આનંદ લાયો રે,
## દાદાનો જન્મ દિવસ

બાળમિત્રો,

તમને ખબર છે ને, નવેમ્બર મહિનામાં દાદાનો ૧૦૧મો જન્મજયંતિ મહોત્સવ, અમદાવાદમાં પૂજ્ય દીપકભાઈના સાનિધ્યમાં ઉજવાઈ રહ્યો છે. આ મહોત્સવ આપણે ૧૫ દિવસ ઊજવવાના છીએ. જેમાં તમારા માટેનું ખાસ આકર્ષણ છે તમારું મનગમતું ચિલ્ડ્રન પાર્ક. જેમાં છે,

પ્રદર્શન



મલ્ટી મિડિયા શો



હસવાની દુનિયા



પપેટ શો



અનુભવ જ્ઞાન
ટોટલ એક્સપિરિયન્સ

દાદા ભગવાન કોણ?



વિવિધ પ્રવૃત્તિઓ - એમ્ફી થિયેટર



ગેમ્સ



હર્ડલ કોર્સ



એક વાર ચિલ્ડ્રન પાર્કમાં અંદર ગયા પછી તમને બહાર નીકળવાનું મન જ નહીં થાય. તો આ મહોત્સવમાં આવવાનું ચૂકશો નહીં.

તારીખ : ૩૦ ઓક્ટોબર થી ૧૩ નવેમ્બર, ૨૦૦૮
સમય : સવારે ૧૦ થી સાંજે ૮
સ્થળ : યુનિવર્સિટી ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા,૧૩૨ ફૂટ રીંગ રોડ, અમદાવાદ
સંપર્ક સૂત્રઃ (૦૭૯) ૨૭૫૪૦૪૦૮

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઈન્કમટેક્ષ, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.